# સીતવાડા-નવાપુરા ખાતે આવેલ સાબરમતી નદીમાં પ્લાસ્ટિકનો વેસ્ટ ઠલવાયો

**તંત્ર દ્વારા કંપની સામે કડક કાર્યવાહી કરવા ગ્રામજનોની માંગ : પ્રદુષણ વિભાગ સહિત તંત્ર સફાળે જાગશે : તંત્ર કંપની સામે એક્શન લેશે કે પછી પડીકે બધાશે**





પ્રાંતિજ તા.૧

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ તાલુકાના સીતવાડા-નવાપુરા ખાતે આવેલ સાબરમતી નદી મા વેસ્ટ પ્લાસ્ટિક ઠલવાતા નદી પ્રેમીઓ સહિત ગ્રામજનોમા રોષ જોવા મળી રહ્યો છે તો જેની જવાબદારી છે તે તંત્ર જવાબદાર કંપની સામે ઝડપી કાર્યવાહી કરે તેવી માંગ પણ ઉઠવા પામી છે.

પ્રાંતિજ ના સીતવાડા-નવાપુરા ખાતે આવેલ સાબરકાંઠા જિલ્લાની ધરોહર એવી સાબરમતી નદી મા ચિલોડા-હિંમતનગર નેશનલ હાઈવેઆઠ રોડ ઉપર આવેલ પ્રાંતિજ ના તાજપુર હાઈસ્કુલ સામે આવેલ રીયલ પ્લાસ્ટ કંપની દ્વારા કંપની મા રહેલ વેસ્ટ પ્લાસ્ટિક નો કચરો બંધો અહી નદીમા ઠલવાતા પવિત્ર અને શુધ્ધ નદીમા ગંદકી જોવા મળે છે અને નદીમા ઠાલવેલ વેસ્ટ પ્લાસ્ટિક કચરો પવન ને લઈ ને દુરદુર સુધી નદીમા પથરાઈ ગયો છે તો આજુમા આવેલ જાળી જાખરો મા પણ વેસ્ટ પ્લાસ્ટિક ઉડી ઉડી ભરાઈ ગયો છે તો બીજીબાજુ તેજ પવન રહેતા નદીમા રહેલ પ્લાસ્ટિક નો વેસ્ટ પવન ને લઈ ને તેના અવાજ થી અહી થી રોજીદુ અવરજવર કરતા ગ્રામજનો ના કાનપણ પાકી જાય છે તો બીજી બાજુ કંપની દ્વારા પવિત્ર સાબરમતી નદી મા ગંદકી કરવાનુ નેમ લીધુ હોય તેવુ લાગી રહ્યુ છે ને એક પછી એક ગાડી પ્લાસ્ટિક વેસ્ટ નદી મા રાત્રી ના સમયે ઠાલવામા આવે છે તો સાબરમતી નદીમા ઠાલવેલ કેમીકલ યુક્ત પ્લાસ્ટિક નો વેસ્ટ જો ગામજનો સળગાવા જતા આ વેસ્ટ પ્લાસ્ટિક નો જથ્થો સળગતો પણ નથી ત્યારે જો આજ રીતે હજુએ ઉપરા ઉપરી પ્લાસ્ટિક નો વેસ્ટ ઠાલવવામા આવશે તો પવિત્ર ચોખ્ખી શુધ્ધ સાબરમતી નદીના અસ્તિત્વ ઉપર હાલતો ખતરો જોવા મળી રહ્યો છે ત્યારે પદુષણ વિભાગ તથા સ્થાનિક તંત્ર સહિત જિલ્લા તંત્ર દ્વારા તાકિદે સાબરમતી નદી ની સ્થળ મુલાકાત લઈ તાત્કાલિક પગલા ભરે અને કંપની ઉપર એક્શન લે અને સફાઈ સહિત નો ખર્ચ સાથે દંડ પણ કંપની પાસે વસુલ કરી કડકમા કડક કાર્યવાહી થાય તેવી હાલતો નદી પ્રેમીઓ-પર્યાવરણ પ્રેમીઓ તથા ગ્રામજનો જણાવી રહ્યા છે ત્યારે ખરેખર તપાસ થાય તો આ કંપની દ્વારા કંપની નો વેસ્ટ અન્ય ક્યાં ક્યા ઠાલવ્યો છે તે પણ બહાર આવે તેમ છે ત્યારે હવે જોવુ એ રહ્યુ કે આ અહેવાલ પ્રસિધ્ધ થયાબાદ સ્થાનિક તંત્ર તથા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા એક્શન લેશે કે પછી પડીકા મા નમતુ જોખશે તે તો હવે જોવુ રહ્યુ.

**અરવલ્લી : મેઘરાજાની આફત રૂપી સવારી**

## મોડાસા-બાયડ પંથકમાં ગાજવીજ સાથે ધોધમાર વરસાદ, મોડાસામાં ઠેર ઠેર પાણી ભરાયા



મોડાસા, તા. ૧

ભર ઉનાળે ચોમાસા જેવો માહોલ,રોડ રસ્તા પર નદીઓ વહેતી હોય તેવા દ્રશ્યો, વાતાવરણમાં શીત લહેર પ્રસરી,ખેડૂતો ચિંતિત બન્યા. અરવલ્લી જીલ્લામાં સતત થતા કમોસમી વરસાદને પગલે ખેડૂતો માટે કુદરત રૂઠી હોય તેવો ઘાટ સર્જાયો છે મોડાસા, બાયડ સહીત અરવલ્લી જીલ્લામાં સમી સાંજે વાતાવરણમાં એકાએક પલ્ટો આવતા હળવા-ભારે પવનો ફૂંકાવાની સાથે ધોધમાર વરસાદ ખાબક્યો હતો હવામાન વિભાગની આગાહી કરતા વિપરીત ભારે વરસાદ ખાબકતા મોડાસા શહેરમાં રોડ રસ્તા પર પાણી ફરી વળ્યાં હતા મોડાસા-બાયડ તાલુકાના કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં કમોસમી વરસાદ ખેતી માટે આફત સર્જી રહ્યો છે

મોડાસા શહેરમાં રાત્રીના સુમારે કડાકા-ભડાકા સાથે મેઘરાજાએ જાણે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું હોય તેમ મુશળધાર વરસાદથી રોડ રસ્તા પર પાણી ફરી વળ્યાં હતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા મોડાસા-બાયડ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં સાંજના અને રાત્રીના સુમારે ભારે પવન સાથે વરસાદ ખાબકતા વીજળી ડૂલ થઇ ગઈ હતી ભર ઉનાળે ચોમાસા જેવો માહોલ સર્જાતા લોકો પણ અચંબિત બન્યા છે. અરવલ્લી જીલ્લામાં સતત બીજા દિવસે કમોસમી વરસાદના પગલે બગાયતી પાક, શાકભાજી, કેરી અને બાજરીની ખેતી કરનાર ખેડૂતોને રડવાનો વારો આવ્યો છે કેરી ઉતારવાના સમય દરમિયાન સતત બે દિવસ પવન સાથે વરસાદ થતા આંબાના ઝાડ પરથી કેરીઓ ખરી પડતા ખેડૂતોને વ્યાપક નુકશાન સહન કરવાનો વારો આવ્યો છે હજુ પણ હવામાન વિભાગની વરસાદની આગાહી હોવાથી ખેડૂતોના માથે ચિંતાની લકીરો તણાઈ છે

## મામરોલી ખાતે પ્રાંતિજ-તલોદ તાલુકાના ક્ષત્રિય સમાજનો ૨૭મો સમૂહ લગ્નોત્સવ યોજાયો




પ્રાંતિજ તા.૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના મામરોલી ખાતે પ્રાંતિજ-તલોદ તાલુકાના ક્ષત્રિય સમાજ આયોજીત ૨૭ મો સમૂહ લગ્નોત્સવ યોજાયો હતો જેમાં ૭૮ નવદપતીઓએ પ્રભુતામાં પગલાં પાડ્યા. પ્રાંતિજ-તલોદ તાલુકાના ક્ષત્રિય સમાજ દ્વારા આયોજીત ૨૭ સમૂહ લગ્નોત્સવ તા.૩૦।૪।૨૦૨૩ ને રવિવાર ના રોજ પ્રાંતિજ ના મામરોલી ગામ ખાતે આવેલ સમાજ વાડી ખાતે યોજાયો હતો જેમાં ૭૮ નવ યુગલોએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા તો પ્રાંતિજ-તલોદ તાલુકા ઠાકોર ક્ષત્રિય સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત ક્ષત્રિય સમાજ સમૂહ લગ્નોત્સવ સમિતિ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું તો આ પ્રસંગે પૂર્વ શિક્ષણ મંત્રી અને સમાજના પ્રમુખ જયસિંહ ચૌહાણ, પૂર્વ મંત્રી અને પ્રાંતિજ-તલોદ ના ધારાસભ્ય તથા સમાજ ના ઉપપ્રમુખ ગજેન્દ્રસિંહ પરમાર , મહામંત્રી લાલસિંહ રાઠોડ , મંત્રી ભરતસિંહ મકવાણા, સહમંત્રી જીવનસિંહ ચૌહાણ, ખજાનચી રાયસિંહ મકવાણા, ઓડીટર દશરથભાઈ મકવાણા સહિત સમાજ ના હોદેદારો કાર્યકરો આગેવાનો સહિત ૬૦ હજાર થી પણ વધારે સમાજ ના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

## સમલૈંગિક યુગલોના લગ્નને કાનૂની માન્યતા આપવા સામે વિરોધ

**પાલનપુરની જાગૃત મહિલાઓએ મામલતદારને આપ્યું આવેદનપત્ર**



પાલનપુર તા.૧

દેશમાં સમલૈંગિક યુગલો વચ્ચે લગ્નને કાનૂની માન્યતા આપવા અંગે સુપ્રીમ કોર્ટના ચુકાદાની રાહ જોવાઈ રહી છે. ત્યારે પાલનપુર ખાતે જાગૃત મહિલાઓ દ્વારા સમલૈંગિક યુગલો વચ્ચેના લગ્નને કાનૂની માન્યતા આપવા સામે ઉગ્ર વિરોધ જતાવતા પાલનપુર મામલતદાર ને આવેદનપત્ર સુપ્રત કરાયું હતું.સમલૈંગિક યુગલોના લગ્નને કાનૂની માન્યતા આપવાને લઈને સુપ્રીમ કોર્ટમાં ચુકાદો પેન્ડિંગ છે. જોકે, સમલૈંગિક યુગલોને કાનૂની માન્યતા આપવા સામે દેશભરમાં વિરોધનો સુર ઉઠ્યો છે. ત્યારે પાલનપુર ખાતે પણ મહિલાઓ દ્વારા શનિવારે મામલતદારને આવેદન પત્ર આપી વિરોધ જતાવ્યો હતો. જેમાં લગ્ન સંસ્કાર પવિત્ર સંસ્કાર છે. ત્યારે સમલૈંગિક યુગલો વચ્ચેના લગ્નને કાનૂની માન્યતાને લીધે સમાજમાં ખરાબ મેસેજ જવાની સાથે ભારતીય સંસ્કૃતિનો નાશ થશે તેવી દહેશત સેવતા વિરોધ વ્યક્ત કરાયો હતો.

**ઉનાળુ વેકેશન પડતાં શિક્ષકો એકબીજાને ભેટી ભાવુક બન્યા**

## જિલ્લામાં ઉપલા વર્ગમાં ચઢાવો મળતાં પરિણામોથી વિદ્યાર્થી-વાલીઓમાં ખુશાલી : કે.જી.૧-૨, ધો.૧, ધો.૯માં પ્રવેશ આપવાની કામગીરી શરુ




બાયડ, તા.૧

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા શૈક્ષણિક સંકુલોમાં શનિવારે ધો.૧ થી ૯ અને ૧૧નું પરિણામ જાહેર થતાં વર્ગમાં ચઢાવો મળતાં સારા પરિણામોથી વિદ્યાર્થી-વાલીઓમાં ખુશાલી જોવા મળી. જ્યારે ૩૫ દિવસનું ઉનાળુ વેકેશન હોવાથી અનેક શિક્ષકોએ સમી સાંજથી માદરે વતન જવા રવાના થયા છે તે પહેલાં શાળામાં શિક્ષકો એકબીજાને ભેટી ભાવુક થયાના દ્રશ્યો પણ જોવા મળ્યા. કે.જી.૧-૨, ધો.૧ તેમજ ધો. ૯માં પ્રવેશ આપવાની કામગીરી અનેક શાળાઓએ શરુ કરી દીધી છે.

મળતી જાણકારી અનુસાર પ્રાથમિક શાળાઓમાં કોઈપણ બાળકને નાપાસ નહીં કરવાની સૂચનાનો અમલ થતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓ, અનુદાન મેળવતી ગ્રાન્ટેડ શાળાઓ, સેલ્ફ ફાઈનાન્સ શાળાઓમાં એકપણ વિદ્યાર્થી ધો.૧ થી ૮ માં નાપાસ કરાયા નથી. જ્યારે ધો.૯ અને ૧૧માં પણ સતત ગેરહાજર હોય તેવા વિદ્યાર્થીને નાપાસ કરાતાં દરેક શાળાઓનું એકંદરે વાર્ષિક પરીક્ષાનું સારુ પરિણામ જાહેર કર્યું છે. શનિવારે સવારથી વિદ્યાર્થી-વાલીઓ માવઠાની દહેશત વચ્ચે શાળાઓમાં પરિણામ માટે પહોંચ્યા હતા. જ્યાં વિદ્યાર્થીઓ પોતાના ગુરુજનોને વંદન કર્યા પછી હાથમાં પરિણામ આવતાં સારુ પરિણામ આવ્યું હોય તેવા વિદ્યાર્થીઓ શૈક્ષણિક સંકુલોમાં ઉત્સાહ રોકી શક્યા ન હતા. જ્યારે કેટલીક શાળાઓમાં તો વિદ્યાર્થીઓએ ગુરુજનો સાથે સામૂહીક ફોટા પડાવી વાર્ષિક પરિણામોને યાદગાર બનાવવાનો પ્રયાસ કર્યો હતો. જિલ્લામાં તા.૧ મે. થી ૫ જૂન સુધીનું ૩૫ દિવસનું વેકેશન જાહેર થતાં કેટલાક અન્ય જિલ્લાના શિક્ષકોએ વતનની વાટ પકડી છે. ધો.૩ થી ૫ ના વિદ્યાર્થીઓના વિષયવાર ગુણની એન્ટ્રી શિક્ષણ વિભાગના પોર્ટલ ઉપર અપલોડ કરાઈ હતી તેજ રીતે અન્ય ધોરણના વિદ્યાર્થીઓની પણ કામગીરી પૂર્ણ થતાં અગાઉથી મળેલી સૂચના અનુસાર સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના તમામ શાળાઓમાં ધો.૧ થી ૯ અને ૧૧નું પરિણામ જાહેર કરવાની સાથે અધિકાંશ વિદ્યાર્થીઓનો ઉપલા વર્ગમાં ચઢાવો થયો છે. કેટલાક વિદ્યાર્થીઓએ તો અત્યારથી ઉપલા વર્ગનું શિક્ષણ મેળવવાની શરુઆત કર્યાનું પણ જાણવા મળ્યું છે.

## ગંભીરપુરા ગામે રાત્રી સભા યોજાઈ




તલોદ, તા. ૧

તલોદ તાલુદાનાન ગંભીરપુરા ગામે મંગળવારે મોડી રાત્રી સુધી મામલતદાર હિમાંશુભાઈ ચૌહાણની અધ્યક્ષતામાં સરકારના વિવિધ લાભોની વિસ્તૃત જાણકારી સાથે તાલુકા વિકાસ અધિકારી મૌલિકભાઈ શર્માની રાહબરીમાં ગ્રામજનોની અનેક સમસ્યાથી માંડી વિવિધ સરળતાથી મળતા લાભોમાં આવરી લેવા રાત્રીસભામાં જાણકારી આપવામાં આવી હતી. ગંભીરપુરા ગામના તલાટી પ્રવિણભાઈ ઓડના કાર્યક્રમ અને સંચાલનથી પ્રભાવિત થયેલા ગ્રામજનો આગેવાનોની મોટી સંખ્યામાં ઉપસ્થિત લોકોએ એમની સેવાને બિરદાવી હતી. જીઈબી પાણી પુરવઠા વિભાગ, આઈ.સી.ડી., અને પોલીસ સ્ટેશન જેવી અનેક કચેરીના અધિકારીઓની ઉપસ્થિતિમાં મામલતદાર કચેરી સ્ટાફ, તાલુકા પંચાયત સ્ટાફ, ડે. મામલતદાર એન.જી. સોલંકી એ કાર્યક્રમની આભારવિધિ કરી હતી. સરપંચ નિતાબહેન ઠાકોરની સારી કામગીરીને પણ બિરદાવી હત. આમ રાત્રીસભાથી ઘર આંગણે મળતી આ સુવિધાથી મોટી સફળથા પ્રાપ્ત થઈ હતી.

## અરવલ્લી : ધી મોડાસા રોડ ટ્રાન્સપોર્ટ કો.ઓપ.સોમાં ડિરેક્ટરને બરતરફ કરવા સુપ્રીમકોર્ટમાં પહોંચેલ સત્તાધારી પેનલની કારમી હાર

મોડાસા, તા. ૧

દોઢ વર્ષ અગાઉ મોડાસા રોડ ટ્રાન્સપોર્ટ માં ખૂબ જ લાંબા સમય થી સત્તા પર રહેલ ચેરમેન અબ્દુલ રજાક ટીટોઈયા અને તેમની પેનલ ની હાર થતા સત્તા પરિવર્તન થયું હતું . જેમાં નવી બોડીમાં સાજીદ ખાનજી એ ચેરમેન તરીકે નો હોદ્દો સંભાળતા ચૂંટાયેલ ડીરેકટર રફીક ભાઈ બાંડી પર ભૂતકાળમાં અયોગ્ય વ્યક્તિને લૉન આપવાના આરોપસર




બરતરફ કરવામાં આવ્યા હતા. આ નિર્ણય ના વિરોધમાં રફીક ભાઈ બાંડી ટ્રીબ્યુનલમાં પડકારતા તેમની તરફેણમાં ચુકાદો આપવામાં આવ્યો હતો. ત્યારબાદ મોડાસા રોડ ટ્રાન્સપોર્ટ દ્વારા ટ્રીબ્યુનલ આદેશ ને પડકારવામાં આવ્યો હતો . જોકે હાઈ કોર્ટે ટ્રીબ્યુનલનો ચુકાદો યથાવત રાખ્યો હતો . જેથી મોડાસા રોડ ટ્રાન્સપોર્ટ દ્વારા હાઈકોર્ટ ના ચુકાદા ને સુપ્રીમમાં પડકારવામાં આવ્યો હતો. જેમાં સુપ્રીમ કોર્ટે પણ નીચલી તમામ કોર્ટો ચુકાદાઓ ને યથાવત રાખ્યો છે. આ ચુકાદો હવે સહકારી સંસ્થાઓ માટે સીમાચિહ્ન રૂપ.બન્યો છે . જે આવનારા સમય દરમિયાન ચૂટાયેલ તમામ ડિરેક્ટર્સ ની યોગ્ય કારણ વગર ની બરતરફી સામે ટાંકી શકાશે આ ચુકાદાથી એક બાજુ જૂની પેનલમાં ખુશીનો માહોલ.છવાયો છે તો બીજી બાજુ સત્તાધારી પેનલ હવે કયા પગલાં લેશે તેની તરફ સૌની મીટ મંડાઈ છે.

### અખિલ ભારતીય આંજણા સમાજ મહાસભાની કારોબારીમાં સમાવેશ



બાયડ, તા.૧

અરવલ્લી જિલ્લાના નવીશિણોલ ગામના વતની અને ઉદ્યોગપતિ મોહનભાઈ પી. પટેલની સામાજીક સેવાઓને ધ્યાને લઈ અખિલ ભારતીય આંજણા સમાજ મહાસભાની રાષ્ટ્રીય કારોબારીમાં સમાવેશ થતાં અરવલ્લી જિલ્લા આંજણા પાટીદાર સમાજના સર્વ બાંધવોએ તેમની નિયુક્તિને આવકારી છે.